## 1. સહજાનંદસ્વામી રે ન પ્રગટત આ સમે રે

**પદ : ૧**

સહજાનંદસ્વામી રે ન પ્રગટત આ સમે રે, પ્રાણી કોઈ પામત નહિ ભવપાર રે;
મતિયા ને પાખંડી રે શબ્દની જાળમાં રે, બાંધી બાંધી બોળત જીવ અપાર રે..સહજાનંદ. ૧

કામી ક્રોધી લોભી રે ગુરુ થઈ બેસતા રે, જતિ સતી જડત નહિ જગમાંય રે;
જ્ઞાન ને વૈરાગ્ય રે ભક્તિ ઝૂરીને રે, મરી ઝરી જાત ન લાધત ક્યાંય રે..સહજાનંદ. ૨

કાળિંગાની ફોજુ રે કરત અતિ જોરને રે, કરી ગુરુ પંડિતમાં પ્રવેશ રે;
માંસ ને મદિરા રે પરત્રિયા સંગથી રે, ધર્મનો રહેત નહિ લવલેશ રે..સહજાનંદ. ૩

વધત વટાળ રે ઘણો આ સંસારમાં રે, વર્ણ અઢારે થઈ એકતાર રે;
સંત ને અસંતમાં રે, કોઈ સમજત નહિ રે, ભવજળ બૂડત સહુ સંસાર રે..સહજાનંદ. ૪

નરકના પંથથી રે કોઇ ન નિવારતા રે, કોઈ ન કરત ભવસેતુ ઉદ્ધાર રે;
મુક્તાનંદ કહે છે રે તેનાં દુઃખ ટાળિયાં રે, જાઉં એને વારણે વારમવાર રે..સહજાનંદ. ૫

**પદ : ૨**

સહજાનંદસ્વામી રે પોતે પરબ્રહ્મ છે રે, સ્વામિનારાયણ જેનું નામ રે;
સત્ય ધર્મ સ્થાપી રે અધર્મ ટાળિયો રે, કીધા વાલે નિજજન અતિ નિષ્કામ રે..સહજાનંદ. ૧

પોતાના આશ્રમની રે રીતિ પ્રગટ કરી રે, કળિ મધ્યે કામની લીધી લાજ રે;
સમજુ ને શાણા રે જાણી એ પ્રતાપને રે, નિશ્ચય કરી જાણ્યા શ્રીમહારાજ રે..સહજાનંદ. ૨

જમ ને પાખંડી રે કૂટે છે પેટને રે, જાણે લીધો આપણો સર્વે ગરાસ રે;
સત્સંગ ફેલાયો રે સર્વે સંસારમાં રે, કેને ગળે જઇ નાંખશું હવે પાશ રે..સહજાનંદ. ૩

એકાંતિક ધર્મ રે પ્રગટ કરી આપિયો રે, કીધા વાલે બ્રહ્મરૂપ નિજદાસ રે;
મુક્તાનંદ કહે છે રે જાઉં એને વારણે રે, જેણે મુને આપ્યો બૃહદ વાસ રે..સહજાનંદ. ૪

**પદ : ૩**

**સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે, જેથી ટળે મનના વિવિધ વિકાર રે;**
**જેને સંગે વાધે રે પ્રભુ સંગ પ્રીતડી રે, ટળી જાય જાત વર્ણ અહંકાર રે..સદ્‌ગુરુ. ૧**

**વર્તમાન પાંચ રે પળાવે દૃઢ કરી રે, સંભળાવે હરિનાં ચરિત્ર પરમ ઉદાર રે;**
**એવા ગુરુદેવ રે ગોવિંદ સમ જાણજો રે, જેને સંગે પામીએ ભવજળ પાર રે..સદ્‌ગુરુ. ૨**

**ગુરુ વિના જ્ઞાન રે ન પામે મનમુખી રે, કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે;**
**એવું તે વિચારી રે સદ્‌ગુરુ સેવજો રે, જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે..સદ્‌ગુરુ. ૩**

**ગુરુજીનાં વચન રે વિચારી ઉર ધારજો રે, ટાળો તમે મોહ મમતા અભિમાન રે;**
**મુક્તાનંદ કહે છે રે એવી રીતે વર્તતાં રે, તેને ઉર વાસ કરે ભગવાન રે..સદ્‌ગુરુ. ૪**

**પદ : ૪**

**સંત સમાગમ રે શુદ્ધ થઇ કીજીએ રે, સંત થકી લીજીએ વિવેક વિચાર રે;**
**કપટ કુબુદ્ધિ રે ઉર થકી ટાળીએ રે, ટાળીએ જૂઠો તન અહંકાર રે..સંત સમાગમ. ૧**

**સંતજન સંગે રે હરિગુણ ગ્રહીએ રે, અવગુણ ઉર થકી કરીએ ત્યાગ રે;**
**ઈર્ષ્યા અભાવ રે ન લેવો સંતનો રે, તનસુખ તજવાં ગ્રહી વૈરાગ્ય રે..સંત સમાગમ. ૨**

**ક્રોધ ન કરવો રે હરિજન ઉપરે રે, વચન સુણી ન બાંધવું વેર રે;**
**સમજી વિચારી રે વચન મુખે બોલીએ રે, વણસમજે ન વાવીએ ઝેર રે..સંત સમાગમ. ૩**

**શ્રીનારાયણ રે સ્વામીના દાસ જે રે, તેને સંગે રહેવું થઈને ગુલામ રે;**
**મુક્તાનંદ કહે છે રે એવી રીતે વર્તતાં રે, સંત સંગે પામશો અક્ષરધામ રે..સંત સમાગમ. ૪**

**ટેક..**
**સહજાનંદસ્વામી રે ન પ્રગટત આ સમે રે.**
**સહજાનંદસ્વામી રે પોતે પરબ્રહ્મ છે રે.**
**સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે.**
**સંત સમાગમ રે શુદ્ધ થઇ કીજીએ રે.**

## 2. કેસર તિલક કરે, આવત હરિ કેસર તિલક કરે

**પદ : ૧**

કેસર તિલક કરે, આવત હરિ કેસર તિલક કરે...આવત ટેક.
ધરત શ્વેત ઝીને તન અંબર, અમૃત ઝરત નજરે...આવત ૧
દોનુ ભુજા સખા ગળે નંખિયા, અખિયાં પ્રેમ ભરે...આવત ૨
ફૂલનકે ભુજબંધ મનોહર, ફૂલનકે ગજરે...આવત ૩
બ્રહ્માનંદ ઘનશ્યામ કી મૂર્તિ, નીરખી નજર ઠરે...આવત ૪

**પદ : ૨**

ચંદનખોર કિયે, આવત હરિ, ચંદનખોર કિયે...આવત ટેક.
સાથ સખા મંડળ અતિ શોભત, મોરલી હાથ લિયે...આવત હરિ ૧
વામ શ્રવન તિલ શ્યામ મનોહર, નેનનસે લખિયે...આવત હરિ ૨
સુંદર વંકી ભૃહ અલૌકિક, સુંદર હાર હિયે...આવત હરિ ૩
નિરખી છબી ઘનશ્યામ પિયા કી, બ્રહ્માનંદ જીયે...આવાત હરિ ૪

**પદ : ૩**

ગૌવન સંગ હરિ, આવત માઇ ગૌવન સંગ હરિ...આવત માઇ. ટેક
ગૌ રજસે લપટાય રયો મુખ, ઉર વન માલ કરી...આવત માઇ. ૧
અતિ સુંદર નૌતમ તન અંગીયાં, પગીયાં રંગ ભરી...આવત માઇ. ૨
નિજ જન નિરખ હોત સુખ અંતર, ઉઠત દુષ્ટ બરી...આવત માઇ. ૩
બ્રહ્માનંદ છબી પ્રીતમકી, નેનન વીચ ધરી...આવત માઇ. ૪

**પદ : ૪**

લાલનકી લગીયાં , રસિક દ્રગ લાલનકી લગીયાં...રસિક દ્રગ. ટેક.
લગત નેન ધરી ધરની પર, ચલત નહિ ડગીયા...રસિક દ્રગ. ૧
મેરી ઓર નજર પિયે કીની, ઉર પ્રીતિ જગીયાં...રસિક દ્રગ. ૨
સુંદર હાર ગલે બીચ શોભીત, સુંદર શિર પગીયાં...રસિક દ્રગ. ૩
બ્રહ્માનંદ અહોનિશ એહી છબી, રહો નેનન અગીયાં...રસિક દ્રગ. ૪

**ટેક..**

કેસર તિલક કરે, આવત હરિ કેસર તિલક કરે.
ચંદનખોર કિયે, આવત હરિ, ચંદનખોર કિયે.
ગૌવન સંગ હરિ, આવત માઇ ગૌવન સંગ હરિ.
લાલનકી લગીયાં , રસિક દ્રગ લાલનકી લગીયાં.

3. ધન ઘડી ધન ધન દિવસ સારો રે, આજો આવી ઉભા નંદ દુલારો રે

પદ : ૧

ધન ઘડી ધન ધન દિવસ સારો રે, આજો આવી ઉભા નંદ દુલારો રે...ટેક
હવે મારા હૈયામાં હરખ ન માય રે, સાગર આનંદનો ઉભરાય રે. ૧
વાલાના વદન કમલને જોઇરે, મન મારૂ મોહનમાં રહ્યું મોઇ રે. ૨
હવે હું તો થઇ અતિ બડભાગીરે, વર્યા વર સુંદર શ્યામ સુહાગીરે. ૩
હરિવર પુજીમેં ઠાર્યા હાથરે, નિરખીને ભૂમાનંદનો નાથરે. ૪

પદ : ૨

આજ મારે આનંદ ઉરમાં ન માય રે, મુખ જોઇ જીવનનું સુખથાયરે. ૧
વાલાજીના વદન કમળ પર વારી રે, રાખું મારા અંતરમાંઇ ઉતારી રે. ૨
હવે હું તો સુખના સાગરમાં ડુબીરે, કરૂ અતિ રહાવનને સંગ ખુબીરે. ૩
કર સાહ્યો સુંદરવર છોગાલેરે, ભૂમાનંદ ઓઘ આનંદના ભાલેરે. ૪

પદ : ૩

મોહનના મુખ કમળને હેરી રે, શિર પાઘ સોહે સાવ સોનેરીરે. ૧
અંગરખી ઓપે અતિ બુટાદારરે, પેર્યો પ્યારે સોનેરી સુરવાર રે. ૨
કટી પર ઓપે અતિ રૂડો રેંટો રે, ભલે આવ્યા બાથ ભરી મુને ભેટો રે. ૩
હવે હું તો સુખની સીમાને પામીરે, ભલે મળ્યા ભૂમાનંદનો સ્વામી રે. ૪

પદ : ૪

હવે મારા હઇડામાં હરખ ન માય રે, મુને માવો અધર અમૃત પાય રે. ૧
જેણે હું તો જન્મ મરણ દુ ખ મેટીરે, બાંધી મેં તો પ્રેમ તણી કસી પેટી રે. ૨
પરબ્રહ્મ પુરુષોત્તમ વર વરીરે, બેઠી હું તો સ્થિર થઇને હવે ઠરીરે. ૩
જોડી મેં તો પ્રકટ પ્રભુ સંગે પ્રીતીરે, ભૂમાનંદ કહું ચાલિ જગ જીતીરે. ૪

ટેક..

ધન ઘડી ધન ધન દિવસ સારો રે, આજો આવી ઉભા નંદ દુલારો રે.
આજ મારે આનંદ ઉરમાં ન માય રે, મુખ જોઇ જીવનનું સુખથાય રે.
મોહનના મુખ કમળને હેરી રે, શિર પાઘ સોહે સાવ સોનેરી રે .
હવે મારા હઇડામાં હરખ ન માય રે, મુને માવો અધર અમૃત પાય રે.